# ગાય–ભેંસની રહેઠાણ વ્યવસ્થા

ડૉ. જી. બી. સોલંકી, ડૉ. વી. કે. કરંગીયા, ડૉ. એસ. એસ. પરીખ અને ડૉ. આર. બી. મકવાણા
પશુ ઉછેર કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ

.............................................................................................................................................

## ➢ ગાય–ભેંસ માટે રહેઠાણ વ્યવસ્થાની અગત્યતા /જરૂરિયાત :

ગાય–ભેંસ જેવા પાલતુ પશુઓ કુદરતી રીતે જ સ્વતંત્રપણે ખુલ્લામાં રહેવા ટેવાયેલાં છે પરંતુ વાતાવરણનું ખૂબ ઉચું કે નીચું તાપમાન , સૂર્યપ્રકાશની તીવ્રતા તેમજ તેનો સમયગાળો, સૌર–વિકિરણ, અતિવૃષ્ટિ, બરફ કે કરાં , હવામાં ભેજ અને પ્રદૂષણનું પ્રમાણ વગેરે પશુ આરોગ્ય તથા ઉત્પાદકતા પર નોંધપાત્ર અસર કરે છે.

ખુલ્લામાં રાખવામાં આવેલ ગાયો–ભેંસોમાં, વિશેષપણે સંકર ગાયો અને ભેંસોમાં વાતાવરણના તાપમાનમાં અતિશય વધારો થતાં તેમના દૈનિક ખોરાકમાં ઘટાડો થાય છે. પાચન દરમ્યાન શરીરમાં વધુ ગરમી (Heat increment) ઉત્પન્ન અને પાચનતંત્રમાં રૂધિરાભિષરણમાં ઘટાડો થતાં ખોરાકની પાચ્યતા (૮ થી ૧૫ %) ઘટે છે. ખોરાક પાચનતંત્રમાં વધુ સમય સુધી રોકાતાં પાચન તથા ચયાપચયની ક્રિયા મંદ બને છે. વધુમાં, ઉછરતા પશુઓના લોહીમાં ગ્રોથ–હોર્મોન તથા થાયરોકિસન અંતઃસ્ત્રાવો ઘટતાં તથા વાતાવરણનાં વધુ તાપમાનની પ્રતિકૂળ અસર ને કારણે વોડકીઓ તથા ખડેલીઓમાં વૃધ્ધિ ઓછી થાય છે. રહેઠાણ વિના ખુલ્લામાં રહેલ ગાયો–ભેંસોનાં લોહીમાં હિમોગ્લોબીન અને પ્રોટીનનાં પ્રમાણમાં નોંધપાત્ર ( ૦.૫ થી ૦.૮ %) ઘટાડો થવાનું જાણવા મળેલ છે.

વાતાવરણનાં પરિબળો સામે રક્ષણ આપ્યા વિના ખુલ્લામાં રાખતાં ગાયો–ભેંસોમાં વાતાવરણનું તાપમાન તેમજ ભેજ એકી સાથે વધતાં, શરીરમાં ગરમી વધતાં (stress) તેમજ બી.એસ.ટી.અંતઃસ્ત્રાવના સ્ત્રાવ તથા લોહીમાં તેના પ્રમાણમાં ઘટાડો થતાં ભેંસોમાં અને ગાયની ઓલાદ તથા તેમની ગરમી સહન કરવાની ક્ષમતા મુજબ રહેઠાણ દ્વારા રક્ષિત ગાયો–ભેંસોની સરખામણીએ, દૈનિક દૂધ ઉત્પાદનમાં નોંધપાત્ર (વેતરમાં ૨૨૦ લી. જેટલો) ઘટાડો થાય છે.

ખુલ્લામાં રાખવામાં આવેલ ગાયો–ભેંસોમાં, વિશેષપણે સંકર ગાયો અને ભેંસોમાં ઉનાળા (મે–જૂન)માં વાતાવરણનું તાપમાન અતિશય વધતાં, પાડામાં વિશેષપણે શુક્રકોષનું ઉત્પાદન તથા તેની ગતિશીલતામાં ઘટાડો થતું હોવાનું જાણવા મળેલ છે જે તેમની નબળી સંવર્ધન શકિત (Fertility)માં પરિણમે છે. વાતાવરણનું તાપમાન વધવા ની સાથે સાપેક્ષ ભેજ વધતાં (માર્ચ થી જૂન દરમ્યાન) ગાયો–ભેંસો (વિશેષપણે ભેંસો)માં જાતિય ગરમી (Sexual Heat)માં આવવાના તથા સગર્ભા થવાના દરમાં ઘટાડો થવાનું નોંધાયેલ છે. પશુઓના લોહીમાં એફ. એસ. એચ. સ્તરમાં ઘટાડો અને એલ. એચ. સ્તરમાં વધારો થતાં આ અંતઃસ્ત્રાવોનો ગુણોત્તર અસર પામતાં અંડપાત વિનાના ઋતુચક્રો વધે છે. ખુલ્લામાં રાખવામાં આવેલ ગાયો–ભેંસોની સરખામણીએ, રહેઠાણ દ્વારા વાતાવરણનાં પરિબળો સામે રક્ષણ આપવાથી વિયાણ પછી ૩ માસ જેટલી વહેલી ગાભણ થાય છે.

વાતાવરણનાં તાપમાનમાં અતિશય વધારો થતા જો રહેઠાણ દવારા પુરતા પ્રમાણમાં રક્ષણ ન મળે તો પશુઓને શરીરના તાપમાનને જાળવવામાં મુશ્કેલી પડે છે, શરીરનું તાપમાન વધતાં તાવ ચડે છે. અતિ વિકટ પરિસ્થિતિ માં સૌર–વિકિરણને કારણે લૂ લાગવા (Sun Stroke)થી મૃત્યુ પામે છે. ગરમીની સાથે ભેજયુકત વાતાવરણની પ્રતિકૂળ પરિસ્થિતિમાં પશુઓ, ખાસ કરીને વાછરડાં–પાડિયા પાચનતંત્ર–શ્વસનતંત્રનાં રોગોમાં સપડાય છે. ગાયો–ભેંસમાં આઉનો સોજો (Summer Mastitis)ના કિસ્સા વધે છે. પવન સાથેનાં ભેજયુકત ઠંડુ વાતાવરણમાં વાછરડાં– પાડિયાં માં ઝાડા અને અથવા ન્યુમોનિયાના પ્રમાણમાં વધારો થતાં વધુ મરણ થાય છે.

આમ, દુધાળ પશુઓની જનીનકીય ક્ષમતાનો મહત્તમ લાભ લઈ, વોડકીઓ તથા ખડેલીઓમાં ઇચ્છનીય વૃધ્ધિ થકી વહેલું પ્રથમ વિયાણ સાથે ગાય–ભેંસોના જીવનકાળ દરમ્યાન વધુ વેતર તથા ઉચુ દૂધ ઉત્પાદનનું લક્ષ્ય હાંસલ કરવા પ્રગતિશીલ પશુપાલકો/ ખેડૂતોએ યોગ્ય રહેઠાણ દ્વારા વાતાવરણનાં પરિબળો સામે તેમનાં પશુઓને રક્ષણ આપવું આવશ્યક છે.

### ➢ આદર્શ રહેઠાણની ખાસિયતો :

ગાયો–ભેંસોને અનુકૂળ રહે, તેમનું સ્વાસ્થ્ય જળવાય, અને પ્રતિકૂળ વાતાવરણ સામે તેમને રક્ષણ મળે તેવું, પરંતુ સસ્તુ અને પ્રમાણમાં ટકાઉ એવું રહેઠાણ પૂરું પાડવું આવશ્યક છે. ભારતીય આબોહવાકીય પરિસ્થિતિમાં ગાયો–ભેંસોને છુટા રાખીને નિભાવવાની (Loose Housing) પધ્ધતિ, કોઢની લંબાઈ પૂર્વ–પશ્ચિમ રાખવા તથા છાપરા નીચે પુખ્ત પશુ, ગાય–ભેંસ દીઠ ૩.૫ થી ૪.૦ ચો.મી. ભોંયતળિયાની જગ્યા મળી રહે તેમજ નેવાની બાજુ એ ઓછામાં ઓછી ૬.૫ થી ૭ ફુટ છાપરાની ઊંચાઈ રહે તેવું રહેઠાણ / કોઢનું આયોજન કરવા ભારતીય માનાંક સંસ્થાની ભલામણ છે.

## <u>સ્થળ પસંદગી :</u>

પશુ રહેઠાણનું સ્થળ–જમીન ઉંચાણવાળી, સૂકી અને સારા ઢાળવાળી મુખ્ય રસ્તાથી થોડે (૧૦૦–૨૦૦ મી.) દુર પણ રસ્તાથી જોડાયેલ હોવી જોઈએ. પાણી તથા વીજ પુરવઠો પુરતા પ્રમાણમાં કાયમી મળી રહે તેની ચોકસાઈ કરવી.

## <u>પશુ રહેઠાણ (કોઢ)નું માપ , છાપરાની ઉંચાઈ તથા હવાબારી :</u>

પશુ રહેઠાણની હવામાં કાર્બન ડાયોકસાઈડ વાયુ તથા અન્ય અનિચ્છનીય વાયુઓનું પ્રમાણ વધતાં પશુ આરોગ્ય જોખમાય છે. જયારે પશુઓનાં કોઢમાં છાપરાની ઉંચાઈ ઓછી હોય, તેમાં હવાની અવર–જવર ન હોય અથવા ઓછી હોય, પશુ દીઠ (તેમના વર્ગ મુજબ) પૂરતી ભોંયતળિયાની જગ્યા (Floor Space) તથા હવા (Air Space)ની ઉપલબ્ધિ ન હોય ત્યારે આ પરિબળ વધુ માઠી અસર પેદા કરે છે.

જેથી, વાડામાં નીરણ કરવાની જગ્યા ૦.૭૫ થી ૧.૫ મી, ગમાણની પહોળાઈ ૦.૭૫ મી, પુખ્ત પશુને ઊભા રહેવાની જગ્યા ૧.૫ થી ૧.૭ મી ( બે પશુ / ખીલા વચ્ચે અંતર,પહોળાઈ ૧ થી ૧.૨ મી.), મુત્રનીક ૦.૨ થી ૦.૩ મી તથા ખુલ્લા વાડા તરફ વધારાની ૦.૫ થી ૦.૭ મી. જગ્યા (આકૃતિ–૧ મુજબ) આપવા ભારતીય માનાંક સંસ્થા દ્વારા ભલામણ કરવામાં આવેલ છે.

મધ્યમથી ભારે વરસાદ વાળા સ્થળોએ નેવાની બાજુએ છાપરાની ઊંચાઈ ૨.૨૫ થી ૨.૫ મી. ઈચ્છનીયપણે ( ઓછામાં ઓછી ૬.૫ થી ૭ ફુટ ) રાખવી જોઈએ.

પશુ કોઢમાં બાજુ / સામે તરફની દિવાલમાં પશુ દીઠ ન્યૂનતમ ૩૬ ચો. ઈંચ (૬"×૬") જેટલો ભાગ ખુલ્લો ( હવાબારી) રાખી હવાની અવર–જવર તેમજ ઉજાસ માટે વ્યવસ્થા કરવી જોઈએ.

શેડ–કોઢની લંબાઈ, પુર્વ–પશ્ચિમ રાખવાથી સુર્ય પ્રકાશ, પવન, ગરમી–ઠંડી વગેરે માફકસર રહે છે. ૧૦ થી ૧૫ પશુઓ માટેનાં વાડા એકજ હરોળમાં બંધાય તેમ બનાવી શકાય જયારે ૨૦ થી ૨૫ પશુઓ માટે અંગ્રેજી 'એલ' અથવા ' જે ' આકારનાં વાડા હિતાવહ છે.

## <u>કોઢના જુદા–જુદા ભાગ/ ઘટકો :</u>

વાડામાં નીરણ કરવાની જગ્યા, ગમાણ, ઊભા રહેવાની જગ્યા, મુત્રનીક, છાપરૂં, દિવાલ, ભોંયતળિયું, હવાબારી કોઢ સંશોધનના પરિણામો ઉપરથી નકકી કરેલ માપ મુજબ તેમજ ભલામણ થયેલ વસ્તુઓનો ઉપયોગ ફાયદારૂપ રહે છે.

### છાપરૂં:

પશુ રહેઠાણનાં છાપરામાં વપરાતી વસ્તુઓની સુર્યતાપ શોષણશકિત જુદી જુદી હોય છે. તેથી જાનવરો ને આરામદાયકતાના પ્રમાણમાં ફેર પડે છે. એલ્યુમીનીયમ પતરાની તાપ શોષણ શકિત ૦.૧૫ થી ૦.૨૬, ગેલ્વેનાઈઝડ પતરાની તાપ શોષણ શકિત ૦.૬ થી ૦.૬૫, નળીયાની તાપ શોષણ શકિત ૦.૪ થી ૦.૯, પ્લાસ્ટીક પતરાંની તાપ શોષણ શકિત ૦.૮ અને સિમેન્ટ કોંન્ક્રેટ (ધાબું)ના છતની ૦.૬૫ છે. કોઢના છાપરાં માટે એસ્બેસ્ટોઝ સિમેન્ટ પતરા કે ગેલ્વેનાઈઝડ પતરા વાપરવા ભારતીય માનાંક (આઈ.એસ.આઈ.)સંસ્થાની ભલામણ છે. આ પતરાની ઉપરની બાજુ સફેદ રંગ કરવાથી સુર્યપ્રકાશ વધુ પરાવર્તિત થાય છે. અને જાનવરો વધુ આરામદાયક સ્થિતિ અનુભવે છે. તેમજ ૧૫ સે.મી. ડાંગરના પૂળાનો થર છાપરાં ઉપર કરવાથી ઉનાળામાં રહેઠાણ / કોઢનું તાપમાન ૩ થી ૫° ફે. ઘટતાં ઘણો ફાયદો થાય છે.

### <u>દિવાલ:</u>

પશુ કોઢમાં મકાન જેવી અને જેટલી ૨૦ સે.મી. જાડી દીવાલો બાંધવી જરૂરી નથી તેથી બાંધકામ ખર્ચ ઘટાડવા નાની ગૌશાળા (૫૦થી ઓછી ગાય/ભેંસ) માટે સિમેન્ટનાં થાંભલા અથવા લોખંડનાં થાંભલા ઉપર છાપરૂં બનાવી શકાય.

વૈકલ્પિક રીતે ,ત્રણ બાજુ દિવાલ ૧–૧.૫ મીટર ચણી તેની ઉપર ૨–૨.૫ મીટરના અંતરે થાંભલા ચણી અથવા તૈયાર સિમેન્ટનાં થાંભલા પણ ફિટ કરી સકાય. મોભ આગળ ઉંચાઈ ૩ થી ૩.૨૫ મીટર અને નેવા આગળ ૨.૨૫ થી ૨.૫ મીટર ઉંચાઈ રાખવી યોગ્ય છે (આકૃતિ–૧), જેથી જાનવરને હવા–ઉજાસ/પ્રકાશ સારી રીતે મળી શકે. ઓછી ઉંચાઈ રાખવાથી કોઢમાં ભેજ/બફારાને કારણે જાનવરને બેચેની–ગભરામણ થાય તેમજ હલન–ચલન, ઉઠ–બેસમાં અનુકુળતા ન રહેતા દુધ ઉત્પાદન ઉપર વિપરીત અસર પડે છે. વધુ ઉંચાઈ રાખવાથી વધુ પવનના કારણે ગરમી/ઠંડી જાનવરને વધુ લાગે, ખર્ચ વધે તેથી તે પણ ઈચ્છનીય નથી.


**ભોંયતળિયું:**

પશુ રહેઠાણમાં માટીવાળું કાચું ભોંયતળીયુ હિતાવહ નથી કારણ કે –


૧) ઈતરડી, ચાંચડ, જુ વગેરે પરોપજીવીઓ માટીમાં રહે અને રાત્રે પશુઓનું લોહી ચુસે.

૨) છાણ–મૂત્રને કારણે ભોંયતળીયુ ભીનું રહેતાં ઢોર અગવડતા અનુભવે.

૩) આંચળ–બાવલું, થાપા વગેરે છાણ–મુત્રવાળા થવાથી દૂધ ચોખ્ખું ન મળે અને વિવિધ રોગોનું પ્રમાણ વધે.




આકૃતિ-૧. કોઢનાં વિવિધ ઘટકો અને ઈચ્છનીય માપ




- ગમાણની પહોળાઈ : ૪૦ સેમી (ન્યૂનતમ્)
- " ઊંડાઈ : ૧૫ સેમી (ન્યૂનતમ્)
- " પશુ તરફની દિવાલની ઊંચાઈ : ૩૦ સેમી (મહત્તમ્)

} વાછરડાં-પાડીયાં કે વોડકી-પાડેલીઓ માટેની ગમાણ

આકૃતિ-૨. ગાય-ભેંસના કોઢમાં ગમાણનો ઈચ્છનીય આકાર તેમજ બનાવવા માટે ભલામણ થયેલ માપ

આમ ભોંયતળિયું પાકું અથવા ઈંટો વાપરેલું હોય તે યોગ્ય છે. કોઢનું ભોંયતળિયું આજુબાજુની જમીન કરતાં ૩૦ થી ૪૦ સેમી ઉંચું હોવુ જોઈએ. અને તેનો ઢાળ દર ૧ મીટરે, ૨ થી ૨.૫ સેમી જેટલો રાખવાથી પાણીથી સાફ સુફી તથા મુત્ર નિકાલ થઈ શકે.

ભોંયતળિયું રફ કોટાસ્ટોન કે સિમેન્ટને બદલે પરંતુ સાદું ઈંટોના ટુકડા રેતી અને નાની કપચીથી ૧૫ સે.મી. જાડાઈનું બનાવવું. તેની ઉપર સીમેન્ટ રેતીથી ખરબચડી સપાટી બનાવી ચાર કે છ આની જાડા સળીયાથી અંગ્રેજી 'યુ' આકારના ૪×૬ અથવા ૬×૬ ઈંચની ચોકડીઓ પાડવી તેથી સપાટી માપસર ખાંચાવાળી થતાં જાનવરો લપસશે નહીં તેમજ જાનવરો સારી રીતે ઊભા રહીને ખાઈ , વધુ દૂધ આપી શકે છે.

**ગમાણ:**

ગાયો–ભેંસો દાણ તથા ઘાસચારો સારી રીતે ખાઈ શકે તેમજ તેનો બગાડ ન થાય એવી ગમાણ હોવી જોઈએ . ગમાણ વધુ પડતી ઉંડી કે છીછરી હોયતો ઘાસચારાનો બગાડ થાય છે. દિવાલ સાથે લાકડાની આડસ રાખી ગમાણ જેવું બનાવી તેમાં ઘાસચારાનું નીરણ કરતાં ખોરાકનો ઘણો જ બગાડ તેમજ રોગના ફેલાવાની શકયતા ઘણીજ વધી જાય છે. ભારતીય માનાંક સંસ્થાની ભલામણ મુજબ ગમાણની અંદરની સપાટી લીસી તથા ખુણા વગરની હોવી જોઈએ તથા તેની અંદરની પહોળાઈ ૬૦ થી ૭૫ સેમી તથા ઊંડાઈ ૪૦ થી ૪૫ સેમી તે ઈચ્છનીય છે. ગમાણ બહારની બાજુ ૭૫ સે.મી. અને જાનવર બાજુ ૫૦ સે.મી. ઉંચી રાખવી. અંદરની બાજુ ઢાળવાળી ગોળાકાર રાખવી. નાનાં પશુઓ વાછરડા–પાડીયા કે વોડકીઓ– ખડેલીઓનાં વાડાઓની ગમાણમાં યોગ્ય ઘટાડો કરવો જોઈએ (આકૃતિ– ૨).

**મૂત્રનીક:**

પશુની ઉભા રહેવાની જગ્યાની પાછળ ૨૦ થી ૩૦ સે.મી. પહોળી અને ૬ સે.મી. ઉંડી ' યુ ' આકારની મૂત્રનીક અને તેનો ઢાળ દર ૧ મીટરે, ૨ થી ૨.૫ સેમી જેટલો રાખવાથી પાણીથી સાફ સુફી અને મુત્રનો નિકાલ સારી રીતે થઈ શકે છે.

આમ, એક જાનવરને છાપરા નીચે કુલ લંબાઈ પેટે ૦.૭૫ સે.મી. ગમાણ + ૧.૫ થી ૧.૭ મીટર ઉભા રહેવાની જગ્યા + ૦.૨ થી ૦.૩ મી. મૂત્રનીક તેમજ ખુલ્લા વાડા તરફ વધારાની ૦.૫ મી. જગ્યા મળી કુલ ૨.૫ થી ૨.૭૫ ચો. મીટર જેટલી થાય અને બે જાનવર / ખીલા વચ્ચે ૧.૨ મીટર જગ્યા રાખવી. વધુમાં, વાડામાં નીરણ કરવાની જગ્યા ૦.૭૫ થી ૧.૫ મી રાખી શકાય. જેથી પુખ્ત પશુ / ગાય–ભેંસને ૩.૫ થી ૪.૦ ચો.મી. જગ્યા છાપરા નીચે અને ૭.૦ થી ૮.૦ ચો.મી. જગ્યા ખુલ્લા વાડામાં મળી રહે તે ઈચ્છનીય છે. વાછરડા–પાડીયાને ૧.૦ ચો.મી. અને વોડકીઓ / ખડેલીઓને ૨.૦ ચો.મી. જગ્યા છાપરા નીચે પ્રાપ્ત થાય તેવી ભલામણ છે. એક વાડામાં ૨૫ થી ૩૦ ગાય / ભેંસો અથવા વોડકીઓ / પાડીઓથી ઓછી સંખ્યામાં પશુઓ સમાવવા ઈચ્છનીય છે.

**વાડાનો ખુલ્લો ભાગ :**

વાડાનો ખુલ્લો ભાગ, જગ્યાની ઉપલબ્ધિ મુજબનાં વિસ્તારમાં, ઈંટો છેડે–થી–છેડે ગોઠવીને બનાવી શકાય. તેનો વિસ્તાર, પુખ્ત પશુ (ગાય–ભેંસ) દીઠ ૭ થી ૮ ચો.મી. ભોંયતળિયાની જગ્યા મળી રહે તે મુજબ રાખવા ભારતીય માનાંક સંસ્થાની ભલામણ છે તેમજ ખુલ્લા ભાગમાં પાણીની એરી / હવાડા (૧૦ પશુ માટે ૬૦ સેમી પહોળાઈ × ૪૦ સેમી ઊંડાઈની , ૧. થી ૧.૫ મી. લંબાઈ એરી)ની વ્યવસ્થા કરી શકાય.

**ડેરી ફાર્મમાં જરૂરી અન્ય બાંધકામ :**

દાણ–સ્ટોર તથા સુકા–ઘાસ સ્ટોર જરૂરિયાતને ધ્યાને લઈ (કવીંટલ દાણ દીઠ ૦.૧૭ ઘન મી ) યોગ્ય માપનાં બનાવી શકાય. અછત સમયે લીલો ઘાસ–ચારો પુરો પાડવા માટે જરૂરી માપનાં સાયલો (૧૫ થી ૧૮ કિલો / ઘન ફુટ દિઠ અથવા ૦.૫ ટન / ઘન મીટર ) પણ બનાવી શકાય. ૧૦– ૧૫ પશુઓ માટે છાણ અને ઓગાટ માટે , ૩ મી. લંબાઈ × ૩ મી. પહોળાઈ × ૨ મી. ઊંડાઈનો ખાડો / ઉકરડો બનાવવો હિતાવહ છે.

**ગાય–ભેંસ માટે રહેઠાણ સંબંધિત કેટલાંક સુચનો :**

(૧) ઉનાળાનાં મે–જુનના મહિનાઓમાં વાતાવરણનું તાપમાન અતિશય (૪૦° સે. થી ઉંચુ) વધે ત્યારે છાપરા પર ૧૫ સે.મી. પૂળાનો પથરાવ કે પાણીના છંટકાવથી રહેઠાણ / કોઢનું તાપમાન ૩ થી ૫° ફે. ઘટે છે. જેથી પશુઓ આરામદાયક અનુભવ કરે છે. છાપરૂં લોખંડ કે પતરાનું હોય તો , ઉપરની સપાટી સફેદ ચળકતા રંગથી અને નીચેની સપાટી કાળા રંગથી રંગાવવી.

(૨) ભેંસો–સંકર ગાયોના સંપૂર્ણ શરીર પર પાણી છંટકાવ કરવાથી ૧° થી ૩° ફે. શારીરિક તાપમાનમાં ઘટાડો થાય છે. તથા ખોરાકની પાચ્યતા વધતાં, પોષક તત્વો દૂધમાં વધુ સક્ષમ રીતે રૂપાંતરિત થતાં તેમની ઉત્પાદકતા જળવાઈ રહે છે. પશુ રહેઠાણ આસપાસ અને છાપરા પર પાણી છાંટી તેમજ કોઢમાં ભીના કંતાન લટકાવી શકાય.

(૩) દૂધાળ પશુઓ શરીર નિભાવ માટે દૈનિક ૪૦ થી ૪૫ લી. પાણી ઉપરાંત લીટર દૂધ ઉત્પાદન દીઠ ૩ થી ૪ લી. પાણી પીએ તેવો અંદાજ છે. દૂઝણા પશુઓને જયારે પણ પાણી પીવાની ઈચ્છા થાય ત્યારે તેમને સ્વચ્છ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ અથવા દિવસમાં ચાર–પાંચ વાર પાણી પીવડાવવું જોઈએ.

શિયાળાની સરખામણીએ, ઉનાળામાં વાતાવરણનું તાપમાન વધતાં, દુધાળ પશુ લગભગ દોઢથી બે ગણું પાણી પીએ છે. જેથી તે મુજબ તેની જરૂરીયાત પૂરી કરવી.

(૪) વાતાવરણનું તાપમાન ઘટે એટલે કે શિયાળામાં અને ચોમાસામાં, તીવ્ર ઠંડીના સમયે પશુઓને ખાસ કરીને નવજાત તથા ઉછરતાં નાના વાછરડાં–પાડિયાને વરસાદનાં ઝાપટાથી રક્ષણ મળે તથા પશુ–રહેઠાણનું ભોંયતળિયું સૂકું –સ્વચ્છ રહે તે માટે યોગ્ય પગલા લેવા જોઈએ. દા.ત. કોથળા / તાડપત્રીની આડશ, નકામા ઘાસની પથારી કરવાથી તેમને રક્ષણ આપી શકાય છે.

(૫) પશુ રહેઠાણમાં હવાનાં બંધારણ–પ્રદુષણની માઠી અસર દૂર કરવા / ઘટાડવા ભારતીય આબોહવાકીય પરિસ્થિતિમાં પશુઓને છુટા રાખીને નિભાવવાની પધ્ધતિ અનુકૂળ છે તથા છાપરા નીચે ગાય દીઠ ૩.૫ ચો.મી. તથા ભેંસ દીઠ ૪.૦ ચો.મી. ભોંયતળિયાની જગ્યા મળી રહે તેવુ રહેઠાણ/કોઢનું આયોજન કરવું જોઈએ. પશુ કોઢ માં બાજુ/સામે તરફની દિવાલમાં પશુ દીઠ ન્યૂનતમ ૩૬ ચો. ઈંચ (૬"×૬") જેટલો ભાગ ખુલ્લો રાખી હવાની અવર–જવર માટે વ્યવસ્થા કરવી જોઈએ.

(૬) વાતાવરણનું તાપમાન ૪૫° સે. ઉંચુ જાય ત્યારે તીવ્ર ઉનાળાના સમયમાં રેષાયુકત ખાધ્ય પદાર્થોનું પ્રમાણ ઘટાડી, ચરબીયુકત પદાર્થોનું પ્રમાણ વધારવાથી તેમજ ગરમીનાં કલાકોમાં ઓછું પરંતુ સવારે, સાંજે કે રાત્રે નિરણ કરવાથી પશુઓમાં દૈનિક ખોરાક, વૃધ્ધિ દર તેમજ દૂધ ઉત્પાદન જાળવી શકાય છે.